**<u>શહેરકોટડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૧૫૮/૨૦૧૭, ક્રિ.પ.અ.નં.૮૫૯૨/૨૦૧૭</u>**

**<u>ના કામે મુદામાલ અરજી લગત હુકમ.</u>**

અરજી તેમજ અરજી સાથે રજુ રાખેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા, પોલીસ અભિપ્રાય ધ્યાને લીધો, અરજદારના એડવોકેટ તથા વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

આ કામે પોલીસે ગુનાના કામે કબજે કરેલ મુદ્દામાલ રોકડ રકમ રૂા.૩૦,૦૦૦/– વચગાળાના હુકમથી અરજદારે પરત મેળવવા માગણી કરેલ છે. અરજદારે અરજી સાથે તેવી રજુઆત કરેલ છે કે, મુદ્દામાલ રોકડ રકમ તેઓએ તેમના મિત્ર કેસરસીંગ ફુલ્લારીયા પાસેથી હાથઉછીની લીધેલ હતી જે રકમ તા.૧૩/૮/૧૭ ના રોજ તેના ઘરે આપવા જતા હતા ત્યારે રસ્તામાં ત્રણ અજાણ્યા ઈસમોએ અરજદારને રોકી જણાવેલ કે અમે ક્રાઈમના પોલીસ છીએ, તમારી ગાડીની ડેકી ખોલો, ગાડીની ડીકીમાં અરજદારના રૂા.૩૦,૦૦૦/– હતા તે પૈકી એક ઈસમે જોવા લીધેલા અને જણાવેલ કે આ પૈસા હવાલાના છે, તમે હવાલાનો ધંધો કરો છો તમારી ઉપર કેસ કરી દઈશ, જેથી અરજદાર ગભરાઈ ગયેલ અને તેઓએ અરજદારને કંઈ કહયા વીના અહીથી જતા રહેવાનું જણાવેલ, અરજદારે પૈસા માંગતા આપેલા નહી અને બળજબરીથી રાખી લીધેલ અને એક ઈસમ ફટાફટ પલ્સર મોટર સાયકલ લઈને આવેલ અને બીજા બંને ઈસમો તે મોટર સાયકલ ઉપર રોકડા રૂા.૩૦,૦૦૦/– લઈ નાસી ગયેલ જે અંગેની અરજદારે શહેરકોટડા પો.સ્ટે.માં ફરીયાદ આપેલ. જે મુદ્દામાલ રોકડ રકમ આરોપીઓ પાસેથી કબજે લેવામાં આવેલ છે અને ત્યારથી તે રકમ પો.સ્ટે.માં પડી રહેલ છે. જે રકમ હાથઉછીની લીધેલ હોય અરજદારને પરત આપવાની છે તેમ જણાવી મુદ્દામાલ રોકડ રકમ પરત મેળવવા હાલની અરજી કરેલ છે.

ઉપરોકત મુદ્દામાલ સંબંધે આરોપી અમીત કનૈયાલાલ નાગર નાઓએ વાંધાઅરજી આપી જણાવેલી છે કે, ઉપરોકત ગુનાના કામે ત.ક.અમલદારે આરોપી પાસેથી મુદ્દામાલ પાવતી નં.૨૬૯/૧૭

ની વિગતે રોકડા રૂા.૨૫,૦૦૦/– તેઓએ પહેરેલ પેન્ટના ખિસ્સામાં મુકેલ હતા જે તપાસના કામે જમા લીધેલા છે, જે રકમ અરજદારને પરત આપવા સામે સખ્ત વાંધો લીધેલ છે.

અરજદારની અરજીની હકીકતો તથા પોલીસ અભિપ્રાય ધ્યાનમાં લેતાં તથા ના.સુપ્રિમ કોર્ટે સુદરલાલ અંબાલાલ દેસાઈના કેસમાં આપેલ સુચનાઓ, કેસની હકીકત ધ્યાને લેતાં આ કામે પોલીસે કબજે કરેલ મુદ્દામાલ લાંબો સમય પોલીસ સ્ટેશનમાં પડી રહેવાથી બગડી જવા સંભવ છે, તેમજ તેને યોગ્ય રીતે સાચવી રાખવા માટે પુરતી સગવડ આવેલ નથી. પોલીસને તપાસના કામે મુદ્દામાલની જરૂર રહેલ નથી. જેથી ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

" **<u>હુ ક મ</u>** "

૧). અરજી મંજુર કરવામાં આવે છે.

૨). આ કામે પોલીસે કબજે કરેલ મુદ્દામાલ રોકડ રકમ રૂા.૩૦,૦૦૦/– અંકેરૂપિયા ત્રીસ હજાર પુરા મુદામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલની કીંમતથી દોઢી રકમના અરજદાર જામીન અને તેટલી જ રકમના બોન્ડ લખી આપેથી અરજદારને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

૩). બોન્ડ તથા જામીન પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. સમક્ષ રજુ કરવા.

હુકમ આજ તારીખ ૧ માહે મે સને ૨૦૧૮ ના દિને ખુલ્લી અદાલતમાં મારી સહી તથા કોર્ટનો સીકકો કરી જાહેર કર્યો.

તારીખ ૦૧–૦૫–૨૦૧૮
અમદાવાદ.

**(અવિનાશ કમલભાઈ ભટ્ટ)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં. ૩, અમદાવાદ.
Code No. GJ00862